અપીલ અરજી નં.૩૯૩ તા.૪–૨–૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૮–૧૨–૦૯ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ધ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં આગળના ભાગે તેમજ પાછળના ભાગે કયા કયા માળે કારખાના ચાલે છે. તેની સંબંધિત વિભાગોના અધિકારી તેમજ કર્મચારી પાસે સ્થળ પર રૂબરૂ તપાસ કરાવી માહિતી આપવી તેમજ આ માહિતીની એક નકલ અંગ્રેજીમાં પણ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૯૩/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૮–૧૨–૦૯ નીઅરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ધ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં આગળના ભાગે તેમજ પાછળના ભાગે કયા કયા માળે કારખાના ચાલે છે. તેની સંબંધિત વિભાગોના અધિકારી તેમજ કર્મચારી પાસે સ્થળ પર રૂબરૂ તપાસ કરાવી માહિતી આપવી તેમજ આ માહિતીની એક નકલ અંગ્રેજીમાં પણ આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સેન્ટ્રલઝોન/ આરટીઆઈ/જા.૧૪૦૯ તા.૧૨–૧–૧૦ થી આપેલ માહિતી અધુરી તેમજ સંતોષકારક નહીં મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૭ તા.૧૫–૨–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં અપીલના સમર્થનમાં આધાર રજુ કરવા તથા સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલી માહિતી પશ્ચાત તે જ જાહેર માહિતી અધિકારીના અન્ય વિભાગો પાસેથી પણ માહિતીના પુનરાવર્તિત આગ્રહ માટે વાજબીપણું હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઝેડ/એસએન્ડઈ/ આ.નં.૩૯૩ તા.૨૪–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં મુળ અરજીની નકલ, અરજી ફી ભર્યાની રસીદ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/૧૪૦૯ તા.૧ ૨–૧–૧૦ ના પત્રની નકલ, સંસ્થા નોંધણી અંગેના પ્રમાણપત્ર સીઝેડ/સી/૪/૧૨૪૨૮ ની નકલ, સીઝેડ/સી/૪/૧૦૯૬૧ ના પ્રમાણપત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૮–૧૨–૦૯ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ધ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં આગળના ભાગે તેમજ પાછળના ભાગે કયા કયા માળે કારખાના ચાલે છે. તેની સંબંધિત વિભાગોના અધિકારી તેમજ કર્મચારી પાસે સ્થળ પર રૂબરૂ તપાસ કરાવી માહિતી આપવી તેમજ આ માહિતીની એક નકલ અંગ્રેજીમાં પણ આપવા બાબતેની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/ આ.નં. ૧ ૪૦૯ તા.૧૨–૧–૧૦ થી મુદ્દા નં.૧ ૪/૩૬૦ વાળી મિલકતમાં આગળના ભાગે દુધારાશેરી તરફના ભાગે ૧. ભોંયતળીયું વસવાટ, ૨.પહેલોમાળ વસવાટ ૩. બીજો માળ વસવાટ ૪. ત્રીજો માળ જશી ગીલીટના બાકડા હતાં જે બંધ હાલતમાં જણાય છે. તથા વાયર જોડાણ છુટા કરેલ છે. મુદ્દા નં.૨. વડવાળી શેરી તરફેના ભાગે ૧. ભોંયતળીયું –જરીના તાર વીટવાનું મશીન ચાલે છે. ૨. પહેલા માળે–જરીના તાર વીટવાનું મશીન ચાલે છે. ૩. બીજા માટે જરી ગીલીટના બાકડા લાંબા સમયથી બંધ હાલતમાં મશીનરી છુટી કરી નાંખેલ જણાય છે. સદર મિલ્કત ગુમાસ્તાધારા વિભાગના દફતરી રેકર્ડ જોતાં સંસ્થાના માલિક તરફથી કુલ બે સંસ્થાઓની નોંધણી કરવામાં આવેલ છે. (એ) પ્રથમ સં સ્થાની માહિતી (૧) સંસ્થાનું નામ–મંડલેસરા જરી ૨. માલિકનું નામ– શશીકાંત તનસુખલાલ ૩. કામકાજનો પ્રકાર– જરી કસબ બનાવી વેચનાર તેમજ ગીલ્ડીંગ કરનાર ૪. સંસ્થાનું સરનામું–૪/૩૬૦ વડવાળી શેરી બેગમપુરા સુરત.પ. નોંધણી પ્રમાણપત્ર નંબર–CZ/C/4/10961 ૬. નોંધણીની તારીખ તથા રીન્યુ– તા.૧–૨–૧૯૮૮ (૩૧–૧૨–૧૦) સુધી રીન્યુ (બી) બીજી સંસ્થાની માહિતી ૧. સંસ્થાનું નામ– શશીકાંત તનસુખલાલ ૨. માલિકનું નામ– શશીકાંત તનસુખલાલ મંડલેસરા ૩. કામકાજનો પ્રકાર– જરી વીટવાનુ મશીન ચાંદી ગીલીટ અને તાર કસબ ગીલીટનું મશીન. ૪. સસ્થાનું સરનામું–૪/૩૬૦, દુધારાશેરી, બેગમપુરા, સુરત. પ. નોંધણી નંબર SZ/C/4/12428 ૬. નોંધણીની તારીખ તના રીન્યુ તા.પ–૧૨–૦૧ (તા.૩૧–૧૨–૧૦) સુધી રીન્યું કરેલ છે તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. તથા બંને સંસ્થાઓના નોંધણીપ્રમાણપત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારે તા.૪–૨–૧૦ ના રોજ અપીલ અરજી કરી મુદ્દા નં.૧ માહિતી સમય મર્યાદામાં આપવામાં આવેલ નથી તેમજ માહિતી અધૂરી તેમજ સંતોષકારક નથી. મુદ્દા નં.૨ આરોગ્ય તેમજ વીજીલન્સ તરફથી માહિતી મળેલ નથી. જે મળ યેથી વાંધા રજૂ કરીશ. ૩ જાહેર માહિતી અધિકારી તરફથી વડવાળી શેરી પહેલામાળે મશીન ચાલે છે મશીન ચાલ ે છે માહિતી ખોટી છે. સ્થળ ઉપર પહેલા માળે પાછલા ભાગે ચાંદી ગીલીટના આળીયા મશીનો ચાલે છે તેમ છતાં વિટવાના મશીન ચાલે છે તેવું જણાવેલ છે. તેવું જણાવેલ છે તે ખોટું છે. તેથી સાચી માહિતી આપવી તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે આધાર કે વાજબીપણું અરજદારે રજૂ કરેલ નથી. તેમજ અરજદારે મુળ અરજીમાં સ્થળ તપાસ કરી માહિતી આપવાનો આગ્રહ રાખેલ છે જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. આથી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨

(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,